કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી અટકાવવા અંગેની આંતરિક સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ
પરિપત્ર ક્રમાંક : DST/AME/e-file/24/2022/0006/Esta.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૫/૦૭/૨૦૨૪.

વંચાણે લીધા:- **(૧)** મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૫/૦૮/૨૦૧૩નો પત્ર ક્રમાંક: મજસ-૧૦૨૦૧૩- GOI-૧૦૭-અ.
(૨) આ વિભાગનો સમાન ક્રમાંકનો તા. ૦૨/૦૧/૨૦૨૩ નો પરિપત્ર.

પરિપત્ર :-

ભારત સરકારશ્રીના કાયદા અને ન્યાયમંત્રાલયના તા.૨૩/૦૪/૨૦૧૩ના જાહેરનામા અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શક સૂચનાઓ અન્વયે સરકારશ્રીના વિભાગો/કચેરીઓ, રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ/કોર્પોરેશનો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, સરકાર માન્ય સ્વાયત સંસ્થાઓમાં નોકરી કરતી મહિલાઓ સાથે નોકરીના સ્થળે જાતિય સતામણી સંબંધમાં થતી ફરીયાદોના નિવારણ માટે એક સમિતિની રચના કરવાની રહે છે.

૨. આ વિભાગમાં કામ કરતાં મહિલા અધિકારીઓ અને કર્મચારીઓની જાતિય સતામણી અટકાવવા અન્વયે મહિલા જાતિય સતામણી અંગેની ફરિયાદ સ્વીકારવા તથા આવી ફરિયાદો પરત્વે સમયબધ્ધ કાર્યવાહી હાથ ધરવા અંગેની કામગીરી કરવા અંગે કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (ફરિયાદોનું નિવારણ તેમજ રક્ષણ તેમજ સુધારણા) અધિનિયમ-૨૦૧૩ હેઠળ ઘડવામાં આવેલ નિયમો હેઠળની સંબંધિત કામગીરી કરવા માટે સદરહુ અધિનિયમની કલમ-૪ હેઠળ વંચાણે લીધેલ ક્રમ-(૨) સામેના પરિપત્રથી આ વિભાગની આંતરિક સમિતિની રચના કરવામાં આવેલ.

૩. વિભાગની આંતરિક સમિતિની રચના બાદ ઉક્ત સમિતિના કેટલાક સભ્યો વય નિવૃત્ત થયેલ/બઢતી પામેલ છે તેમજ વિભાગમાં નવા ૨(બે) મહિલા નાયબ સેક્શન અધિકારીઓની નિમણૂક કરવામાં આવેલ છે. આથી, આંતરિક સમિતિની નીચે મુજબ પુનઃરચના કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ-(૨) સામેનો આ વિભાગનો સમાન ક્રમાંકનો પરિપત્ર આથી રદ કરવામાં આવે છે.

ક્રમ	નામ / હોદ્દો	સમિતિનો હોદ્દો	ટેલિફોન નંબર
૧.	સુશ્રી અપેક્ષા પટેલિયા, ઉપસચિવ	પ્રમુખ અધિકારી	૨૩૨૫૫૪૦૩
૨.	સુશ્રી વિરલ ભરવાડ, સેકશન અધિકારી	સભ્ય	૨૩૨૫૮૧૫૮
૩.	સુશ્રી શ્રુતિ પુરોહિત, સેકશન અધિકારી	સભ્ય	૨૩૨૫૫૧૬૪
૪.	શ્રી સૌરભ પારેખ, સેક્શન અધિકારી	સભ્ય	૨૩૨૫૦૪૬૨
૫.	સુશ્રી પૂજા પંડ્યા, નાયબ સેકશન અધિકારી	સભ્ય	૨૩૨૫૦૪૭૩
૬.	ક્ષમાબેન વી. પઢિયાર,આસ્થા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, બ્લોક નં-૫૧૫/૨, સેક્ટર-૧/સી, ગાંધીનગર.	બિનસરકારી સભ્ય	મો.નં. ૯૮૨૪૯૯૭૦૨૮

૪. આ વિભાગમાં કામ કરતાં મહિલા અધિકારીઓની/કર્મચારીઓની જાતિય સતામણી અટકાવવા અન્વયે સદરહુ અધિનિયમ હેઠળ મહિલા જાતિય સતામણી અંગેની ફરિયાદ સ્વીકારવા તથા આવી ફરિયાદ પરત્વે સમયબધ્ધ કાર્યવાહી હાથ ધરવા અને ફરિયાદ અન્વયે કરેલ તપાસ સંબંધિત તારણ દર્શાવતો અહેવાલ સચિવશ્રીને રજૂ કરવાનો રહેશે. તેમજ સદરહુ અધિનિયમ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમોથી આંતરિક સમિતિને સોંપવામાં આવતી કામગીરી પણ કરવાની રહેશે.

(સૌરભ પારેખ)
સેકશન અધિકારી
વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ

પ્રતિ :-

- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- શ્રી હિતેશકુમાર એસ.અમિન, ઉપસચિવશ્રી(મહેકમ), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગાંધીનગર.
- સુશ્રી અપેક્ષા પટેલિયા ઉપસચિવશ્રી(ટેલિકોમ), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- સુશ્રી માધુરી શાહ, નોડલ અધિકારીશ્રી અને ઉપસચિવ(ઇલેક્ટ્રોનિક્સ), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગાંધીનગર.
- શ્રી તરંગ અંધારિયા, સેક્શન અધિકારી(આઇ.ટી.), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સુશ્રી વિરલ ભરવાડ, સેકશન અધિકારી(આઇટી કેડર), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સુશ્રી શ્રુતિ પુરોહિત, સેકશન અધિકારી(ઈ-ગવર્નન્સ), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શ્રી સૌરભ પારેખ, સેકશન અધિકારી(મહેકમ), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સુશ્રી પૂજા પંડ્યા, નાયબ સેકશન અધિકારી(બી.ટી.), વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સ્ટોર ઇન્ચાર્જશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ તરફ "આંતરિક સમિતિ"નું બોર્ડ જાહેરમાં લગાવવા જરૂરી કાર્યવાહી સારૂ.
- ક્ષમાબેન વી. પઢિયાર,આસ્થા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, બ્લોક નં-૫૧૫/૨, સેક્ટર-૧/સી, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, અ-શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, અમદાવાદ.
- સર્વે અધિકારીશ્રી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગ હસ્તકની સર્વે સંસ્થાઓ તરફ જાણ સારૂ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.